## સંક્ષિપ્ત સમાચાર

### સુરતના રુશાંક શાહે CBSE ધો.10માં 500માંથી 498 ગુણ મેળવ્યા



સુરતઃ CBSE દ્વારા જાહેર કરાયેલ ધોરણ-10ની 2026ની પરીક્ષામાં સુરતના વેસુ વિસ્તારમાં આવેલી રિલાયન્સ ફાઉન્ડેશન સ્કૂલના વિદ્યાર્થી રુશાંક અંકુર શાહે 500 માંથી 498 ગુણ મેળવી ઉત્તમ પ્રદર્શન કર્યું છે. રુશાંકે ગણિત, વિજ્ઞાન, સંસ્કૃત અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ વિષયોમાં 100 માંથી 100 ગુણ પ્રાપ્ત કર્યા છે. આ ઉત્તમ પરિણામ સાથે તેણે શાળામાં ટોચના વિદ્યાર્થી તરીકે સ્થાન મેળવ્યું છે. જાણવામાં આવ્યું છે કે તેણે સમગ્ર ગુજરાતમાં પણ પ્રથમ અને ભારતમાં ત્રીજો ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ સિવાય તનિષા તેજવાની ૯૮.૪૦ ટકા, હીર આચાર્ય ૯૮.૨૦ ટકા અને સુહાના ખેતાન ૯૮.૨૦ ટકા મેળવ્યા છે.

### એસ. ડી. જૈન મોર્ડન સ્કૂલનું CBSE ધો.૧૦માં ઉત્તમ પરિણામ




સુરતઃ સુરતની વેસુ સ્થિત એસ. ડી. જૈન મોર્ડન સ્કૂલના વિદ્યાર્થીઓએ CBSE ધોરણ ૧૦ બોર્ડ પરીક્ષામાં ફરી એકવાર શ્રેષ્ઠ પરિણામ નોંધાવ્યું છે. કુલ ૪૧૫ વિદ્યાર્થીમાંથી તમામ વિદ્યાર્થીઓ પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા છે. ગ્રીવા ડાખરાએ ૯૯.૨% સાથે શાળામાં પ્રથમ સ્થાન મેળવ્યું, જ્યારે રુદ્ર ઉપાધ્યાય (૯૯%), ચોક્સી મોક્ષિલ (૯૮.૮%) અને રીતિશા દાસ (૯૮.૮%) એ પણ ઉત્તમ દેખાવ કર્યો છે. ૫૭ વિદ્યાર્થીએ ૯૫% થી વધુ ગુણ મેળવી વિશેષ સિદ્ધિ હાંસલ કરી છે. અનેક વિદ્યાર્થીઓએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવી શાળા અને પરિવારનું ગૌરવ વધાર્યું છે. શાળાના ચેરમેન કૈલાશજી જૈન અને આચાર્ય ચેતન દાળવાલાએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને વાલીઓને અભિનંદન પાઠવી વધુ સિદ્ધિઓ માટે શુભેચ્છા વ્યક્ત કરી છે.

### જહાંગીરાબાદની રેડિયન્ટ સ્કૂલનું CBSE ધો.10માં ઉત્તમ પરિણામ

સુરતઃ અડાજણ-જહાંગીરાબાદ સ્થિત ધી રેડિયન્ટ ઇન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સીબીએસઈ બોર્ડના ધો.10માં ઉત્તમ પરિણામ મેળવ્યું છે. જેમાં વિદ્યાર્થી અયાન સિદ્દીકીએ 98 ટકા મેળવી ટોપ કર્યું છે. સંસ્કૃત વિષયમાં 11 વિદ્યાર્થી, એઆઈમાં ૦૬ વિદ્યાર્થી, સાયન્સમાં 1 વિદ્યાર્થીએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ મેળવ્યા છે. શાળામાં A1 ગ્રેડમાં ૩૯ વિદ્યાર્થીઓ, A2 ગ્રેડમાં ૬૩ વિદ્યાર્થીઓનો સમાવેશ થયો છે. જ્યારે 127 વિદ્યાર્થીએ 75 ટકાથી વધુ માર્કસ મેળવ્યા છે. આ પ્રસંગે શાળાના ફાઉન્ડર, મેનેજમેન્ટ, ડિરેક્ટર, આચાર્ય અને શિક્ષકોએ તમામ સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પા4/17/2026 12:11:50 AMઠવ્યા છે અને તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ આપી છે.

### ડો. પારૂલ વડગામા અને ડો.મેહુલ ભાવસારની પુત્રી બંસરીનું અરંગેત્રમ યોજાયું



સુરતઃ શહેરના સરસણા સ્થિત પ્લેટિનમ હોલમાં ડો. મેહુલ ભાવસાર અને ડો. પારુલ વડગામાની પુત્રી બંસરીનું "અરંગેત્રમ"સંસ્કારસભર અને ભવ્ય માહોલમાં યોજાયું હતું. વર્ષોની કઠોર મહેનત અને ગુરુના માર્ગદર્શન બાદ પ્રથમવાર મંચ પર કળા પ્રદર્શન કરવાનું આ મહત્વપૂર્ણ પ્રસંગ "નૃત્ય દીક્ષાંત સમારોહ"તરીકે ઓળખાય છે. બંસરીએ ભારતનાટ્યમ નૃત્યશૈલીમાં સુંદર અભિવ્યક્તિ આપીને ઉપસ્થિત સૌના હૃદય જીતી લીધા હતા. તેણે છેલ્લા સાત વર્ષથી કલાગુરુ રાધિકા ઉમરજીના માર્ગદર્શન હેઠળ તાલીમ મેળવી છે.

### સાર્વજનિક યુનિ.ની SCET કોલેજે SGCCI મહાવીર સિન્થેસિસ એવોર્ડ જિત્યો



સુરતઃ સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) દ્વારા 12 એપ્રિલ, 2026ના રોજ યોજાયેલા વાર્ષિક એવોર્ડ સમારોહમાં SGCCI ગોલ્ડન જુબિલી મેમોરિયલ ટ્રસ્ટ દ્વારા સાર્વજનિક યુનિવર્સિટીના સંલગ્ન કોલેજ, સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજી (SCET) ને "મહાવીર સિન્થેસિસ એવોર્ડ ફોર આઉટસ્ટેન્ડિંગ ઇન્સ્ટિટ્યૂટ/કોલેજ ઓફ એજ્યુકેશન 2024-25"એનાયત કરવામાં આવ્યો હતો. આ સમારોહમાં સાર્વજનિક એજ્યુકેશન સોસાયટીના ભૂતપૂર્વ અને વર્તમાન અધ્યક્ષઓ, પદાધિકારીઓ, પ્રતિનિધિઓ, સાર્વજનિક યુનિવર્સિટીના પ્રોવોસ્ટ, ગવર્નિંગ બોડીના સભ્યો, SCETના પ્રિન્સિપાલ, ડીન અને વિવિધ વિભાગોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અડાજણ પાટિયાની સરદાર સ્કૂલના પ્રિન્સિપાલનું સન્માન કરાયું



સુરતઃ જે.એચ.બી. સરદાર સ્કૂલ, અડાજણ પાટિયા, સુરતના પ્રિન્સિપાલ ગોપાલના નેતૃત્વ હેઠળ શેખ મુસ્લિમ દરજી સમાજ ટ્રસ્ટના બાળકોને શાળામાં નિ:શુલ્ક અને સરળતાથી મળેલા પ્રવેશને કારણે તા. 15 એપ્રિલ, બુધવાર, સવારે 10:00 થી 12:00 વાગ્યા દરમિયાન ટ્રસ્ટ દ્વારા પ્રિન્સિપાલ ગોપાલનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ટ્રસ્ટના ઉપપ્રમુખ ઝાકીરભાઈ દ્વારા શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું, સેક્રેટરી સાબીરભાઈ દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી, માર્ગદર્શક મહંમદભાઈ દ્વારા આવનારી પેઢીઓ માટે પ્રેરણાદાયક વિચાર વ્યક્ત કરવામાં આવ્યા. ટ્રસ્ટી મોહસીનભાઈ દ્વારા ટ્રસ્ટ તરફથી સન્માનપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

### ચેક રિટર્નમાં એક વર્ષની કેદની સજાનો હુકમ

સુરતઃ સુરત શહેરમાં કતારગામ વિસ્તારમાં વસવાટ કરતા જસમતભાઈ ડુંગરભાઈ ગોટી પાસેથી સને ૨૦૧૬ ના વર્ષમાં તેમના મિત્ર નામે હરેશભાઈ દુલાભાઈ લાઠીયા હાથ ઉછીના પેટે રૂ.૧૫,૩૫,૦૦૦ જસમતભાઈ ગોટી પાસેથી લઈ ગયા હતા. જેની સામે તેમણે એટલી જ રકમનો ચેક આપ્યો હતો. જે રિટર્ન થતાં જસમતભાઈ ગોટીએ પોતાના એડવોકેટ નિલેશ આર.માણીયા મારફતે કોર્ટમાં કેસ કરતાં કોર્ટે હરેશભાઈ દુલાભાઈ લાઠીયા ને ૧ વર્ષની કેદ અને ચેકની રકમ ચૂકવવા આદેશ કર્યો છે. જો આરોપી વળતરની રકમ ના ચૂકવે તો વધુ ૨ માસની સજા ફરમાવતો હુકમ કર્યો છે.

### સૂરત પીપલ્સ બેંકના સ્થાપના દિવસ નિમિત્તે 8 મેગા રક્તદાન શિબિરનું આયોજન



સુરતઃ ધી સૂરત પીપલ્સ કો-ઓપ. બેંક લિ.ના ૧૦૫મા સ્થાપના દિવસ (૨૧ એપ્રિલ) નિમિત્તે બેંક દ્વારા વિવિધ સ્થળોએ ૮ મેગા રક્તદાન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં તા. ૧૨ એપ્રિલે યોજાયેલ શિબિરોમાં બેંક દ્વારા કુલ ૨૧૨ યુનિટ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. જેમાં અમરોલી-છાપરાભાઠા ખાતે ૧૨૨ યુનિટ, કામરેજ ખાતે ૯૦ યુનિટનો સમાવેશ થાય છે. આગામી તા.17મીના રોજ બારડોલી ખાતે, 18મીના રોજ નવસારી-ચિખલી-વલસાડ અને વાપી ખાતે તેમજ 19મી તારીખના રોજ સુરત ખાતે રક્તદાન શિબિર યોજાશે. આ સમગ્ર અભિયાન દ્વારા બેંકનો ઉદ્દેશ્ય ૧૦૫૧ થી વધુ રક્ત યુનિટ એકત્રિત કરવાનો છે.

---

**સુરતના સાયબર ફ્રોડના ડેટાનું એનાલિસિસ હવે IIMA કરશે**

# હવે AIથી ગુનેગારોને શોધાશે

**IIMAના** વિશ્લેષણ બાદ સાયબર ક્રાઈમની કાર્યપદ્ધતિ અને સચોટ વિગતો જાણવા મળશે

સુરતઃ શહેરમાં દિન-પ્રતિદિન વધી રહેલા સાયબર ફ્રોડના બનાવોને રોકવા સુરત સાયબર ક્રાઈમે પાસે ઉપલબ્ધ ડેટાનું ઊંડાણપૂર્વક એનાલિસિસ કરવા માટે દેશની પ્રતિષ્ઠિત સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેનેજમેન્ટ, અમદાવાદ (IIMA) સાથે હાથ મિલાવવામાં આવ્યા છે. પોલીસ દ્વારા આ માટે છેલ્લાં બે વર્ષના 1200 ડેટા આપવામાં આવશે.

ડીસીપી બિશાખા જૈને આ પ્રોજેક્ટ માટે લીલી ઝંડી આપી છે. DCP જૈનનું માનવું છે કે, હવે માત્ર પરંપરાગત તપાસ પદ્ધતિઓથી કામ નહીં ચાલે. સાયબર ગુનાઓની જટિલ પેટર્ન અને આર્થિક વ્યવહારોના ઊંડા વિશ્લેષણ માટે ટેક્નિકલ સંશોધન અનિવાર્ય છે. આ હેતુસર તેમણે છેલ્લાં બે વર્ષના અનામી (Anonymized) FIR ડેટા પર સંશોધન કરવાની IIM અમદાવાદના વિદ્યાર્થીઓને વિશેષ મંજૂરી આપી છે.

આ મહત્ત્વકાંક્ષી સંશોધન કાર્યનું નેતૃત્વ IIM અમદાવાદના PGD-ABA (ડેટા એનાલિટિક્સ) પ્રોગ્રામના વિદ્યાર્થીઓ ડો.પંકજ ગાંધી અને મૂળ સુરતી એવા કર્ણવ મહેતા કરી રહ્યા છે. આ પ્રોજેક્ટ હેઠળ નીચે મુજબની મહત્ત્વની કામગીરી હાથ ધરવામાં આવશે.

આ સહયોગ દ્વારા સુરત પોલીસનો હેતુ શહેરીજનોના ડિજિટલ વ્યવહારોને સુરક્ષિત કરવાનો અને સુરતને સાયબર સેફ્ટીના 'રોલ મોડલ' તરીકે દેશભરમાં પ્રસ્તુત કરવાનો છે.

#### AI અને મશીન લર્નિંગ બનશે પોલીસનું હથિયાર

**અદ્યતન એનાલિટિક્સઃ** આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને મશીન લર્નિંગ જેવી અદ્યતન ટેક્નિકથી ડેટાનું પોસ્ટમોર્ટમ કરવામાં આવશે.
**મોડસ ઓપરેન્ડીનો પર્દાફાશઃ** ગુનેગારો કયા માધ્યમથી અને કઈ પદ્ધતિથી લોકોને છેતરે છે તેની સચોટ વિગતો મેળવાશે. નેશનલ પોલિસીમાં ફાળોઃ અભ્યાસના અંતે તૈયાર થનારું 'વ્હાઇટ પેપર' રાષ્ટ્રીય સ્તરે સાયબર સુરક્ષાની નીતિઓ ઘડવામાં પાયારૂપ બનશે.

#### છેલ્લાં બે વર્ષના ડેટા પર એનાલિસીસ કરાશે

આ મામલે પ્રોફેસર ગાંધીએ જણાવ્યું હતું કે, પાંચ વર્ષ પહેલા એમની એક એમબીબીએસની એક વિદ્યાર્થીએ ક્રાઈમ ફેક્ટરમાં સર્ચ કરતા જાણવા મળ્યું હતું કે ક્રાઈમની ઘટનાઓ તેરસ બારસ અને અમાસમાં વધુ થાય છે. કેમ કે, ત્યારે ચંદ્રની અસરથી મનુષ્ય વૃત્તિમાં ફેરફાર થાય છે. તેમ હાલ સુરત સાયબર સેલ પોલીસે તેમને છેલ્લાં બે વર્ષના ૧૨૦૦ ગુનાના ડેટા આપ્યા છે.

#### ફ્રોડ રોકવા સરકારને અલગ અલગ બેંકિંગ સિસ્ટમ માટે સૂચન કરાશે

એનાલિસિસ બાદ બેંકિંગ પ્રક્રિયામાં શું ફેરફાર કરવા તેનું પણ પોલિસી લિસ્ટ તૈયાર કરી સરકારને સોંપાશે. પોલિસીમાં દા.ત. ૧૦ હજાર સુધીનું પેમેન્ટ બાદ બીજું પેમેન્ટ એક કલાક બાદ થાય, જેના બેંક ખાતામાં ૫ હજારથી એક હજાર સુધી બેલેન્સ રહેતું હોય તેવા ખાતામાં મંજૂરી વગર કોઈ મોટી રકમ જમા થાય એ પહેલા પુરાવો લેવો. જેવા અલગ અલગ ફેરફાર સરકારને સૂચન કરી સાયબર માફિયાઓની કમર તોડવા પ્રયત્ન હાથ ધરવામાં આવશે.

---

# પુત્રીના પ્રેમલગ્નનો ખાર રાખી લાડુમાં ઝેર ભેળવ્યું

**પાડોશી** મહિલાની કબૂલાતને પગલે તેની ધરપકડ કરાઈ

સુરતઃ ઉત્રાણ 'શાલીગ્રામ સ્ટેટ્સ' સોસાયટીમાં રહેતા એક નિવૃત્ત વૃદ્ધ અને તેમના પરિવારને જાનથી મારી નાખવાના ઈરાદે ઝેરી લાડવા ખવડાવવાની ઘટનામાં પડોશમાં રહેતી મહિલાની દીકરીએ ભાગી જઈને પ્રેમલગ્ન કર્યા હોય, તેની અદાવતમાં મહિલાએ આ હિચકારું કૃત્ય આચર્યું હોવાનું બહાર આવ્યું છે.

ગત ૧૦ એપ્રિલના રોજ ઉત્રાણ 'શાલીગ્રામ સ્ટેટ્સ' સોસાયટીમાં રહેતા ગોરધનભાઈ ડોંડાએ ઘરના ઉંબરે બુંદીના લાડુની એક થેલીને પ્રસાદ સમજી ખાધો હતો. લાડુ ખાધાના ગણતરીના કલાકોમાં જ ગોરધનભાઈ અને તેમની પુત્રવધુ કિરણબેનની હાલત લથડી હતી. બંનેને અસહ્ય ચક્કર, ઊલટી અને બેભાન જેવી સ્થિતિમાં તાત્કાલિક કિરણ હોસ્પિટલ ખસેડાયા હતા. પોલીસે શંકાના આધારે પાડોશમાં રહેતા ઉષાબેન મહેન્દ્રભાઈ નાકરાણીની પૂછપરછ હાથ ધરતા તેઓ ભાંગી પડ્યા હતા અને પોતાનો ગુનો કબૂલ્યો હતો. ઉષાબેનની દીકરી ૮ મહિના પહેલાં ઘરેથી ભાગી ગઈ હતી અને તેણે પ્રેમલગ્ન કર્યા હતા. ઉષાબેનને વહેમ હતો કે આ લગ્નમાં ડોંડા પરિવારે મદદ કરી છે. આ વેરનો બદલો લેવા તેમણે લાડુમાં ઊંઘની ગોળીઓ ભેળવીને હત્યાનો પ્રયાસ કર્યો હતો. પોલીસે આ મામલે ગુનો નોંધી પાડોશી ઉષા નકરાણીની ધરપકડ કરી છે.

#### મહિલાએ ઘરે આવી ભૂલ સ્વીકારી માફી પણ માંગી હતી

તારીખ 13 એપ્રિલના રોજ ઉષાબેન નાકરાણી પોતે ગોરધનભાઈના ઘરે આવ્યા હતા અને પોતાની ભૂલ સ્વીકારતા જણાવ્યું હતું કે, દીકરી ભાગી ગઈ તેની જાણ હોવા છતાં તમે કહેલ નહીં તે બાબતે મનદુખ થતાં મેં લાડવામાં ગોળીઓ ભેળવી મૂકી હતી.

---

### સુરત ITના કર્મચારીઓએ લંચ ટાઈમમાં ધરણાં કર્યા



આવકવેરા વિભાગના કર્મચારીઓની દેશવ્યાપી આંદોલનના ભાગરૂપે આજે સુરત આવકવેરા વિભાગના ITEF અને ITGOA સાથે સંકળાયેલા કર્મચારીઓએ લંચ ટાઈમમાં આવકવેરા ભવન, મજુરા ગેટ ખાતે ધરણાં કરી દેખાવો કર્યો હતો. આ ધરણાં- દેખાવોમાં ITGOA સચિવ નરેન્દ્ર સી.એ., રવિન્દ્ર કુમાર, અનિલ વિરામગામા, સુનીતા આસાઈ, ITEF અધ્યક્ષ રાકેશ રંજન, આકાશ વર્મા, ઇન્દ્ર દેવ કુમાર, વિકાસ કશ્યપ, નરેશ પરમાર, નરેશ કટારીયા સહિત મોટી સંખ્યામાં કર્મચારીઓ જોડાયા હતા. આવકવેરા વિભાગના કર્મચારીઓની લાંબા સમયથી પડતર માંગણીઓનો ઉકેલ નહીં આવતા સરકાર સામે આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. કેન્દ્રીય જોઈન્ટ કાઉન્સિલ ઓફ એક્શન દ્વારા અપાયેલા આંદોલનની શરૂઆત આજથી ધરણાંથી થઈ હતી.

---

# પાંડેસરામાં દંપતીએ મકાન બે વાર વેચી વેપારીને ૧૧ લાખમાં નવડાવ્યો

**પૈસા** માંગ્યા તો દંપતીએ તેવર બતાવ્યાં, 'થાય તે કરી લો, બીજી વાર આવ્યા તો ખેર નથી' કહી જાનથી મારી નાંખવાની ધમકી આપી

સુરતઃ પાંડેસરા વિસ્તારમાં દંપતીએ એક વેપારી પાસેથી અગાઉથી વેચાઈ ગયેલું મકાન ફરી એકવાર વેચાણ કરી, બનાવટી દસ્તાવેજોના આધારે ૧૧ લાખ રૂપિયા પડાવી લીધા હતા. આ મામલે પાંડેસરા પોલીસે વાનખેડે દંપતી સહિત ત્રણ ઈસમ સામે ગુનો નોંધ્યો છે.

પાંડેસરાના આકાશ રો-હાઉસમાં રહેતા અને જય અંબે ટ્રેડર્સના નામે વેપાર કરતા રામકેવલ છોટેલાલ પાસવાન મિલકત ખરીદવા ઈચ્છતા હતા. આ દરમિયાન તેમની મુલાકાત મરાઠા નગરમાં રહેતા વિજય દગડુભાઈ વાનખેડે અને તેની પત્ની જયાર્બન વાનખેડે સાથે થઈ હતી. વાનખેડે દંપતીએ વિશ્વાસમાં લઈને પોતાનું મકાન વેચવાની વાત કરી હતી. વેપારી રામકેવલને જરાય અંદાજ નહોતો કે જે મકાનનો તેઓ સોદો કરી રહ્યા છે, તે મકાન અગાઉ જ મનીષા હિમ્મત ફુગારે નામની મહિલાને વેચાઈ ચૂક્યું છે. વાનખેડે દંપતી અને તેમના સાથીદારોએ મળી વેપારી સાથે મકાનનો સોદો નક્કી કર્યો હતો. કાગળ પર મજબૂત પકડ બતાવવા માટે આરોપીઓએ કબજા સહિતનો વેચાણ કરાર અને મિલકતની ફાઈલ પણ સોંપી દીધી હતી. વેપારીએ વિશ્વાસમાં આવીને ટુકડે ટુકડે કુલ ૧૧ લાખ રૂપિયાની માતબર રકમ ચૂકવી દીધી હતી. જો કે, આ આખો સોદો કાચના કિલ્લા જેવો હતો, જે ગમે ત્યારે તૂટી પડવાનો હતો. ૧૧ લાખ ચૂકવ્યા બાદ જ્યારે વેપારી રામકેવલ મિલકતમાં પોતાનું નામ ટ્રાન્સફર કરાવવા માટે સરકારી કચેરીએ પહોંચ્યા, ત્યારે સત્ય સામે આવતાં તેમના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. રેકોર્ડ પર ખબર પડી કે આ મકાન તો ઓલરેડી મનીષાબેનના નામે નોંધાયેલું છે. છેતરપિંડીનો અહેસાસ થતા જ રામકેવલ તુરંત વાનખેડે દંપતી પાસે દોડી ગયા હતા. જ્યારે વેપારીએ દંપતી પાસે પોતાના પૈસા પરત માંગ્યા, ત્યારે આરોપીઓએ નમ્રતા બતાવવાને બદલે અસલી રંગ બતાવ્યો હતો. આરોપીઓએ વેપારીને સ્પષ્ટ કહી દીધું કે, પૈસા ભૂલી જજો, થાય તે કરી લો. જો બીજીવાર અહીં દેખાયા તો સારાવાટ નહીં રહે! ગુંડાગીરીના તેવર જોઈ આખરે વેપારીએ પોલીસના શરણ લીધા હતા. પાંડેસરા પોલીસે વિજય વાનખેડે, જયાર્બન વાનખેડે અને મનીષા ફુગારે સામે છેતરપિંડી,ધમકીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

---

# મિલેનિયમ માર્કેટ-1માં બે દિવસમાં બીજી આગ: 'મેજર કોલ' જાહેર

**2500થી** વધુ ચણિયા-ચોળી અને ડ્રેસ મટિરિયલ્સ સહિત લાખોનું નુકસાન, 7 ફાયર સ્ટેશનની ટીમે 2 કલાકમાં આગ કાબૂમાં લીધી

સુરતઃ ટેક્સટાઈલ સિટી તરીકે ઓળખાતા સુરત શહેરમાં આગની ઘટનાઓમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. ગુરુવારે બપોરે રિંગ રોડ સ્થિત કમેલા દરવાજા પાસે આવેલા મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટ-1માં ફરી એકવાર આગ ફાટી નીકળતા ભારે અફરાતફરી મચી ગઈ હતી. માર્કેટના પ્રથમ માળે આવેલી "વૈષ્ણવી ક્રિએશન" નામની દુકાનમાં અચાનક આગ લાગતા વેપારીઓ અને શ્રમિકો તાત્કાલિક બહાર દોડી આવ્યા હતા.

આગ જોતજોતામાં વિકરાળ બનતા કાળા ધુમાડાના ગોટેગોટા આકાશમાં છવાઈ ગયા હતા. જોકે માર્કેટની ફાયર સેફ્ટી સિસ્ટમ સક્રિય થતાં પ્રાથમિક સ્તરે આગને કાબૂમાં રાખવાના પ્રયાસો સફળ રહ્યા હતા. ફાયર બ્રિગેડને જાણ થતાં તાત્કાલિક 7 ફાયર સ્ટેશનની અંદાજે 14થી 15 ગાડી ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનો ઓક્સિજન માસ્ક પહેરી ધુમાડા વચ્ચે કામગીરી કરતા લગભગ બે કલાકમાં આગને કાબૂમાં લીધી હતી.

આ ઘટનામાં આશરે 2500થી 3000 નંગ ચણિયા-ચોળી, ડ્રેસ મટીરિયલ્સ, ફર્નિચર, વાયરિંગ અને પંખા સહિતનો મોટો માલસામાન બળી ગયો હોવાનું જાણવા મળે છે. સદનસીબે કોઈ જાનહાનિ નોંધાઈ નથી, પરંતુ વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

#### ફાયર-ઇલેક્ટ્રિસિટી ઓડિટ માટે નોટિસ: જ્વલનશીલ યાર્ન રાખી શકાશે નહીં

આગ બાદ મનપા દ્વારા ફાયર સેફ્ટીના આયોજન અંગેનુ ઓડિટ કરાવવા તેમજ વીજ કંપની પાસે ઇલેક્ટ્રિકસિટી ઓડિટ કરાવવા નોટિસ ફટકારાય છે તેમજ ઓડિટ દરમિયાન જો ક્ષમતાથી વધુ વીજ લોડ હોય તો દૂર કરવા અને વીજ લોડ યોગ્ય હોવાનુ વીજ કંપનીનુ એનઓસી રજૂ કરવા તાકીદ કરવામાં આવી છે. આ ઉપરાંત આ માર્કેટમાં સાડી અને ડ્રેસ મટીરિયલ્સની સાથે યાર્નનો જથ્થો પણ મોટા પ્રમાણમાં રખાતો હોવાનું જણાતા મનપા દ્વારા અહીંના 2000 દુકાનદારોને આદેશ અપાયો છે કે, માર્કેટની દુકાનોમાં જ્વલનશીલ યાર્ન માર્કેટમાં રાખવું નહીં, ગોડાઉનની વ્યવસ્થા અલગથી કરવાની રહેશે.

#### માર્કેટમાં આગનો કોલ મળતા ગ્રીન કોરિડોર બનાવી ફાયરનાં વાહનો મોકલાયાં

મિલેનીયમ માર્કેટ-1માં આગ લાગ્યાનો કોલ મળતા મેજર કોલ જાહેર થયો હતો તેમજ જુદા જુદા 7 ફાયર સ્ટેશનની ટીમોને ગ્રીન કોરીડોર બનાવી તાત્કાલીક ઘટના સ્થળે પહોંચવા વ્યવસ્થા કરાઇ હતી.

#### અભિષેક માર્કેટની પાછળ મલ્ટી-લેવલ પાર્કિંગમાં મૂકેલી કારમાં આગ લાગતા ભય ફેલાયો

રિંગ રોડ પર મિલેનીયમ માર્કેટની આગ કાબૂમાં આવી તેના જ થોડા જ સમયમાં અભિષેક માર્કેટની પાછળ સુરત મહાનગરપાલિકાના મલ્ટીલેવલ પાર્કિંગમાં આજે ગુરુવારે બપોરે એક કારમાં અચાનક આગ ફાટી નીકળતા બાદ અન્ય ચાર કાર આગની ઝપેટમાં આવતા સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી જવા પામી હતી. ધુમાડાના ગોટા નીકળતા વેપારીઓ અને ગ્રાહકોમાં ગભરાટ ફેલાયો હતો. કોલ મળતા બે ફાયર સ્ટેશનની ચાર ગાડી સાથે ફાયર જવાનોનો કાફલો ત્યાં પહોંચીને પાણીનો મારો ચલાવીને અડધો કલાકમાં આગ બુઝાવી હતી. આ બનાવમાં કોઇ ઇજા કે જાનહાનિ થઇ નહીં હોવાનું ફાયર ઓફિસરે કહ્યું હતું.

---

# ઝોલાછાપ ડોક્ટરને ત્રણ વર્ષની કેદની સજા

સુરતઃ લિંબાયતના ઝોલાછાપ ડોક્ટર દેવનારાયણ સૂર્યબલી પટેલને ટ્રાયલ કોર્ટે ત્રણ વર્ષની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. તેમજ રૂ.૧,૦૦૦નો દંડ ફટકારી દંડ ન ભરે તો વધુ 30 દિવસની સાદી કેદની સજાનો હુકમ કર્યો હતો. આરોપીએ આંબેડકર બિહાર યુનિવર્સિટી મુઝફ્ફરપુરની બોગસ ડિગ્રી મેળવી ખરા તરીકેનો ઉપયોગ કરી રજિસ્ટ્રેશન કરાવી સુરતના ડિંડોલી રોડ પર ગુરુકૃપા નામથી દવાખાનું ક્લિનિક ચલાવી ગુનો કર્યો હતો. આરોપી સામે તા.૨૫-૫-૨૦૦૯ના રોજ કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. ફરિયાદ પક્ષે સરકારી વકીલ પ્રેમલતા ડામોરે દલીલ કરી હતી કે આરોપીએ ખોટી ડિગ્રી અને માર્કશીટ આપી હતી. યુનિવર્સિટી તરફથી મળેલા પત્ર મુજબ ડિગ્રી અને સર્ટિફિકેટ યુનિવર્સિટીએ આપ્યાં જ નથી. આરોપીએ ખોટા દસ્તાવેજથી રજિસ્ટ્રેશન મેળવી ત્યારબાદ ક્લિનિક ચલાવી લોકોની સારવાર કરી હતી. આવા બોગસ ડોક્ટર સમાજ માટે ખતરનાક છે. ફરિયાદી ડો.રસેશ ગુજરાતીએ બોગસ ડોક્ટર વિશે ફરિયાદ કરી હતી. આરોપીએ ખોટા દસ્તાવેજથી રજિસ્ટ્રેશન લીધું એવી શંકા પર ફરિયાદ કરી હતી. બંને પક્ષની દલીલો સાંભળ્યા બાદ ટ્રાયલ કોર્ટે પુરાવાના આધારે આધારે આરોપી દેવનારાયણને ત્રણ વર્ષની સજા ફટકારી હતી.

---

**આજે વિશ્વ હિમોફિલિયા દિવસ:** ગુજરાત સરકાર દ્વારા હિમોફિલિયાના દર્દીઓ માટે શરૂ કરાયેલી

# નવી પ્રોફાયલેક્સિસ થેરાપીની નવી આશા

**નવી** સિવિલ હોસ્પિ.માં 650 દર્દી, તેમાં માત્ર એક જ મહિલા

સુરતઃ વિશ્વ હિમોફિલિયા દિવસની ઉજવણી 17 એપ્રિલે કરવામાં આવે છે. આ દિવસે વિશ્વભરમાં હિમોફિલિયા જેવી આ વંશાનુગત બીમારી વિશે જાગૃતિ ફેલાવવામાં આવે છે. હિમોફિલિયા એવી સ્થિતિ છે કે, જેમાં લોહી સામાન્ય રીતે જામતું નથી, જેના કારણે નાની-નાની ઈજાઓમાં પણ વધુ પડતું લોહી વહેવાનું જોખમ રહે છે. નવી સિવિલ હોસ્પિટલમાં હિમોફિલિયાના 650 જેટલા દર્દી રજિસ્ટર છે, જેમાંથી માત્ર એક જ મહિલા છે. દર 10 હજારમાં એક બાળક હિમોફિલિયા બીમારીથી પીડિત હોય છે.

પરંપરાગત રીતે હિમોફિલિયાના દર્દીઓને ઓન-ડિમાન્ડ થેરાપી આપવામાં આવતી હતી. આ પદ્ધતિમાં દર્દીને જ્યારે બ્લીડિંગ થાય ત્યારે જ સારવાર આપવામાં આવે છે. આવી સારવારથી દર્દીના જોઈન્ટ્સ (સાંધા) ધીરે ધીરે ખરાબ થવા લાગે છે.

વારંવાર બ્લીડિંગ અને સાંધાની સમસ્યાને કારણે દર્દીને ખોડખાંપણ, ચાલવામાં તકલીફ અને અન્ય ગંભીર આરોગ્ય સમસ્યાઓનો સામનો કરવો પડે છે. હવે આ સ્થિતિમાં મોટો ફેરફાર આવ્યો છે. ગુજરાત સરકાર દ્વારા હિમોફિલિયાના દર્દીઓ માટે નિઃશુલ્ક પ્રોફાયલેક્સિસ થેરાપી શરૂ કરવામાં આવી છે. આ તદ્દન આધુનિક અને અસરકારક સારવાર પદ્ધતિ છે, જે દર્દીઓના જીવનમાં આશાનું કિરણ બની રહી છે.

#### આ સારવારથી દર્દીને 80-85 ટકા બ્લીડિંગ રોકી શકાય છે

નવી સિવિલ હોસ્પિટલના હિમોફિલિયા વિભાગના મેડિકલ ઓફિસર ડો.ક્રિસ્ટીન ગામીતે જણાવ્યું હતું કે, આ થેરાપીમાં ઇમિજ્યુમસ નામનું ઇન્જેક્શન આપવામાં આવે છે. જે પહેલા મહિને 4 વખત, ત્યારબાદ દર મહિને 1 વખત એમ આજીવન મૂકવામાં આવે છે. આ સારવારથી દર્દીમાં 80-85 ટકા બ્લીડિંગ નિયંત્રિત થઈ જાય છે. સામાન્ય સ્થિતિમાં બ્લીડિંગ થતું જ નથી. માત્ર કોઈ ગંભીર ઇજા થાય તો જ બ્લીડિંગ થવાની શક્યતા રહે છે. આ ઇન્જેક્શન સીધું મસલમાં આપવામાં આવે છે. જેથી સાંધાઓને કોઈ નુકસાન થતું નથી અને ખોડખાંપણ જેવી સમસ્યાઓથી પણ બચાવ થાય છે. આ નવી થેરાપીથી હિમોફિલિયાના દર્દીઓ હવે સામાન્ય વ્યક્તિની જેમ જીવન જીવી શકે છે. તેઓ અગાઉની જેમ સતત ડર અને તકલીફમાં જીવવાને બદલે વધુ સક્રિય અને આત્મવિશ્વાસપૂર્વક જીવન જીવી શકે છે.

#### યોગ્ય સારવાર સાથે ફિઝિયોથેરાપી ખૂબ જ જરૂરી: ડો. તેજવાણી

નવી સિવિલ હોસ્પિટલના ફિઝિયોથેરાપી વિભાગના પ્રોફેસર ડો.નિશાંત તેજવાણીએ જણાવ્યું હતું કે, હિમોફિલિયામાં સમયસર નિદાન અને યોગ્ય સારવાર સાથે ફિઝિયોથેરાપી પણ ખૂબ જરૂરી છે. ફિઝિયોથેરાપી સાંધાની ગતિશીલતા, માંસપેશીની શક્તિ અને સંતુલન જાળવવામાં મદદ કરે છે. રક્તસ્રાવ બાદ દુખાવો, કઠિનતા અને કાર્યક્ષમતામાં ઘટાડો ઘટાડવા માટે તે મહત્ત્વપૂર્ણ છે. યોગ્ય વ્યાયામ અને સાંધા-સુરક્ષા માર્ગદર્શન પુનઃ રક્તસ્રાવનો જોખમ ઓછો કરે છે. નિયમિત ફિઝિયોથેરાપી દર્દીને સ્વતંત્રતા અને દૈનિક પ્રવૃત્તિઓમાં આત્મવિશ્વાસ આપે છે.

---

**જીકાસ પ્રવેશ પ્રણાલી પર સવાલો**

# ફી, લાંબી પ્રક્રિયા, ખાનગી યુનિ. મુદ્દે ABVPનો વિરોધ

**ધો.12ના** પરિણામ પહેલાં જ વિદ્યાર્થીઓ માટે ચિંતાઓ વધી, એબીવીપી દ્વારા સુધારાની માંગ

સુરતઃ સરકારી તેમજ કેટલાક ખાનગી યુનિવર્સિટીઓમાં જીકાસ (GCAS) માધ્યમથી પ્રવેશ પ્રક્રિયા હાથ ધરવાની જાહેરાત વચ્ચે, આ પ્રણાલી સામે વિવિધ પ્રશ્નો ઉઠવા લાગ્યા છે.

વિદ્યાર્થી સંગઠન એબીવીપીએ જીકાસ પ્રવેશ પ્રણાલીમાં તાત્કાલિક સુધારા કરવાની માંગણી ઉઠાવી છે. હાલની સ્થિતિ મુજબ જીકાસમાં માત્ર મર્યાદિત ખાનગી યુનિવર્સિટીઓને જ સામેલ કરવામાં આવી છે, જેના કારણે મોટા ભાગના વિદ્યાર્થીઓ પાસે વિકલ્પોની અછત ઊભી થાય છે. પરિણામે વિદ્યાર્થીઓને મજબૂરીમાં ઊંચી ફી ધરાવતી ખાનગી કોલેજોમાં પ્રવેશ લેવા વળગી રહેવું પડે છે. પ્રવેશ પ્રક્રિયાની લાંબી અવધિ પણ એક મોટો મુદ્દો બની રહ્યો છે. જીકાસ હેઠળ 33 રાઉન્ડ સુધી પ્રવેશ પ્રક્રિયા ચાલતી હોવાને કારણે અંતે ઘણી બેઠકો ખાલી રહી જાય છે. માહિતી અનુસાર, કેટલાક કેસોમાં 50 ટકાથી વધુ બેઠકો ભરાતી નથી, જે સમગ્ર પ્રક્રિયાની અસરકારકતા પર સવાલ ઊભો કરે છે.

#### રજિસ્ટ્રેશનના નામે 300 રૂપિયાની ફી પણ અયોગ્ય

જીકાસમાં રજિસ્ટ્રેશન માટે લેવામાં આવતી રૂ.300ની ફી પણ વિવાદનું કેન્દ્ર બની છે. અગાઉ કેટલીક સરકારી યુનિવર્સિટીઓમાં પ્રવેશ ફોર્મ માટે કોઈ ફી લેવામાં આવતી નહોતી, પરંતુ હાલ દરેક વિદ્યાર્થીને ફરજિયાત આ રકમ ચૂકવવી પડે છે. આથી વિદ્યાર્થીઓ પર આર્થિક બોજ વધે છે.